

# પ્રકરણ : ૧૫

# વ્યંતર દેવ અને તેના માનસિક દુઃખ


**પ્રકરણની રૂપરેખા**


- ✿ પ્રાસ્તાવિક
- ૧. વ્યંતર દેવ કોને કહે છે ?
- ૨. વ્યંતર દેવનું સ્વરૂપ
- ૩. વ્યંતર દેવના માનસિક દુઃખ
- ૩.૧. માનસિક દુઃખ અને તેના પ્રકાર
- ૩.૨. માનસિક દુઃખ મટાડવાનો ઉપાય
- ✿ ઉપસંહાર


(કુંડલિયા)

**यह संसार असार है, कदली वृक्ष समान ।**
**या में सारपनो लखै, सो मूरख परधान ।।**
सो मूरख परधान मान, कुसुमनि नभ देखैं ।
सलिल मथै घृत चहैं, शृंग सुंदर खर पेखैं ।।
अगिनिमांही हिम लखैं, सर्प मुखमांहि सुधा तह।
जान जान मनमांहि, नाहिं संसार सार यह ।।

ભાવાર્થ : જો કોઈ ૧. આકાશમાં પુષ્પને શોધે, ૨. પાણી વલોવીને ઘી મેળવવા મથે, ૩. ગધેડામાં સુંદર શીંગડાને જુએ, ૪. અગ્નિમાં શીતળતા જાણે, ૫. સર્પના મુખમાં અમૃત માને તો તે મૂર્ખમાં પણ પ્રધાન છે. તેમ આ કેળના વૃક્ષ સમાન અસાર સંસારમાં કોઈ સાર જાણે તો તે પણ પારમાર્થિકપણે મહામૂર્ખ જ છે. હે ભવ્ય ! તું મનથી નક્કી કર કે આ સંસારમાં કોઈ 'સાર કે સુખ નથી. તો જ તું આ સંસારના માનસિક દુઃખથી મુક્ત થઈશ. (ધાનતરાયકૃત ધાનતવિલાસ : ૩૦મું પદ)




આ સંસારમાં ક્યાંય સુખ નથી. તેથી આ સંસારમાં કોઈ સાર નથી. સુખ પોતાનો સ્વભાવ છે. પોતાના સ્વભાવની ઓળખાણ અને પ્રતીતિ કરી તેનો આશ્રય કરવાથી પોતાનું સુખ સહજપણે પ્રગટે છે. પોતાનું સુખ મોક્ષમાર્ગ અને મોક્ષમાં છે. પણ સંસારમાર્ગ અને સંસારમાં નથી. આ સંસારમાં ક્યાંય પણ સુખ શોધનારો મુર્ખ જ નહિ પણ 'મૂર્ખશિરોમણિ છે. સંસારમાંથી સુખ મેળવવાની ભ્રાંતિથી અજ્ઞાની જીવ ચારેકોર ભટકે છે. તેમાંથી સુખ તો બિલકુલ મળતું નથી અને પોતાનું માનસિક દુઃખ વધી જાય છે.

સુખ માટે ચારે બાજુ ભટકતા દેવો વ્યંતર તરીકે ઓળખાય છે. પરમાંથી સુખ પ્રાપ્ત કરવાનો તેમનો પ્રયત્ન જ તેમના માનસિક 'પરિતાપને પ્રદર્શિત કરે છે. આથી વ્યંતર દેવમાં માનસિક દુઃખની મુખ્યતા છે. અહીં માનસિક દુઃખનું વર્ણન વ્યંતર દેવના આધારે કરવામાં આવે છે પણ તે પહેલાં વ્યંતર દેવ કોને કહેવાય? અને તેનું સ્વરૂપ જાણીએ.

## વ્યંતર દેવ કોને કહે છે ?

देवगतिनामकर्मोदये सत्यभ्यन्तरे हेतौ बाहय विभूतिविशेषैः द्वीप समुद्रादि प्रदेशेषु यथेष्टं दीव्यन्ति क्रीडन्तीति देवाः। विविध देशान्तराणि येषां निवासास्ते **व्यन्तराः** इत्यन्वर्था ।

ભાવાર્થ : દેવગતિ નામકર્મોદયના આભ્યંતર કારણે અને અનેક પ્રકારની બાહ્ય વિભૂતિઓના બાહ્ય કારણે દ્વીપ સમુદ્રાદિ અનેક સ્થાનો પર ઈચ્છાનુસાર ક્રીડા કરનાર દેવ છે. આ દેવમાં જે વિવિધ પ્રકારના દેશમાં વસી વિચરણ કરે છે તે **'વ્યંતર દેવ'** છે. (સર્વાર્થસિદ્ધિ : ૪/૧/૨૩૬/૫ અને ૪/૧૧/૨૪૩/૧૦)

મધ્યલોકના સૂના સ્થાનો અને અધોલોકના કેટલાક ભાગમાં રહેતા તેમજ મનુષ્ય અને પશુના શરીરમાં પ્રવેશી તેમને લાભ કે નુકસાન કરાવતા ભૂત, પિશાચ વગેરે જાતિના દેવોને વ્યંતર કહે છે. 'વ્યંતર' શબ્દ ચોતરફનું સૂચન કરે છે. આ દેવોના નિવાસ સ્થાનો જુદી જુદી દિશાઓમાં વિખરાયેલા હોવાથી તેઓ 'વ્યંતર' તરીકે ઓળખાય છે. આ ઉપરાંત તેઓ ચારેબાજુ ભટકતા રહેતાં હોવાથી પણ તેમનું 'વ્યંતર' નામ સાર્થક છે. વ્યંતર દેવોનું

ચારેબાજુનું ભ્રમણ એ તેમના માનસિક દુ:ખની પરાકાષ્ટા બતાવે છે. તેથી વ્યંતર દેવમાં માનસિક દુ:ખની મુખ્યતા માનવામાં આવી છે.

## વ્યંતર દેવનું સ્વરૂપ

**મધ્યલોકના સૂના સ્થાન અને અધોલોકના અમુક ભાગમાં રહેતા અને ચારેબાજુ વિચરણ કરતાં દેવગતિના દેવને વ્યંતર દેવ કહે છે.**

વ્યંતર દેવ એ ભવનવાસી દેવ કરતાં ઊંચી કક્ષાના પણ જ્યોતિષી અને વૈમાનિક દેવ કરતાં નીચી કક્ષાના છે. આ દેવોનું સ્વરૂપ આ પ્રમાણ છે–

**પ્રકાર :** વ્યંતર દેવની નામકર્મની અપેક્ષાએ કિન્નર, કિંપુરુષ, મહોરગ, ગંધર્વ, યક્ષ, રાક્ષસ, ભૂત અને પિશાચ એ આઠ પ્રકારની સંજ્ઞા છે. જેના આધારે વ્યંતર દેવોના આઠ પ્રકાર છે–



૧. કિન્નર, ૨. કિંપુરુષ, ૩. મહોરગ, ૪. ગંધર્વ, ૫. યક્ષ, ૬. રાક્ષસ, ૭. ભૂત અને ૮. પિશાચ. આ દરેક દેવના પેટાભેદ પણ હોય છે. આમાં પ્રથમ ચાર પ્રકારના દેવના દરેકના દશ-દશ પ્રકારના પેટા ભેદ છે. ત્યાર પછી યક્ષના ચાર ભેદ, રાક્ષસ અને ભૂત દરેકના સાત ભેદ અને પિશાચના ચૌદ ભેદ છે. કિન્નરાદિ પ્રથમ છ પ્રકારના દેવને વાણવ્યંતર પણ કહે છે.

આઠેય પ્રકારના વ્યંતરમાં તેમની કામગીરી અને પ્રવૃત્તિની અપેક્ષાએ ઇન્દ્ર, સામાનિક, ત્રાયસ્ત્રિંશ, પારિષદ, આત્મરક્ષક, લોકપાળ, અનીક, પ્રકીર્ણક, આભિયોગ્ય અને કિલ્વિષિક જેવા દશ પ્રકારના ભેદની કલ્પના પણ હોય છે. તેથી આ દેવો કલ્પવાસી દેવ તરીકે પણ ઓળખાય છે.

**પર્યાપ્તિ :** વ્યંતર દેવને આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મન એ છયે પ્રકારની પર્યાપ્તિ હોય છે. આહાર પર્યાપ્તિમાં આ દેવોનો દિવ્ય અમૃતમય માનસિક આહાર હોય છે. સામાન્ય રીતે દશ હજાર વર્ષની જઘન્ય આયુવાળા દેવને બે દિવસ પછી અને એક પલ્ય (૪.૧૩×૧૦" વર્ષ)ના ઉત્કૃષ્ટ આયુવાળા દેવને પાંચ દિવસ પછી આહારની ઇચ્છા થાય ત્યારે કંઠમાંથી અમી ઝરવારૂપ માનસિક આહાર હોય છે. શરીર પર્યાપ્તિમાં આ દેવોનું શરીર વૈક્રિયિક હોય છે. ઇન્દ્રિય પર્યાપ્તિમાં પાંચેય ઇન્દ્રિયો હોય છે. શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિમાં દશ હજાર વર્ષની આયુવાળા દેવને સાત ઉચ્છ્વાસ જેટલા કાળ પછી અને પલ્ય પ્રમાણ આયુવાળા દેવને પાંચ મુહૂર્ત (૪ કલાક) પછી શ્વાસોચ્છ્વાસ હોય છે. ભાષા પર્યાપ્તિમાં તેઓ જીભ વડે ભાષા ઉચ્ચારે છે. અને મન પર્યાપ્તિના કારણે તેઓ સમ્યગ્દર્શનના અધિકારી થઇ શકે છે.

**જન્મનો પ્રકાર :** વ્યંતર દેવનો જન્મ ઉપપાદ પ્રકારનો હોય છે. ઉપપાદ શૈયામાંથી સોળ વર્ષનો યુવાન હોય તેવો દેવ અંતર્મુહૂર્તમાં છયે પર્યાપ્તિ પૂરી કરીને ઉત્પન્ન થાય છે. નવો ઉત્પન્ન થયેલો દેવ સૌ પ્રથમ શાશ્વત જિનમંદિરમાં શાશ્વત જિનપ્રતિમાના દર્શન-પૂજન કરે છે. અહીં ઉત્પન્ન થતા દેવ મિથ્યાદષ્ટિ હોવા છતાં પોતાના કુળદેવતા સમજીને શાશ્વત જિનપ્રતિમાના દર્શન-પૂજન કરે છે.

**અવસ્થાન :** વ્યંતર દેવના રહેઠાણના સ્થાન ચિત્રા અને વજ્ર પૃથ્વીની સંધિથી શરૂ કરીને મેરુપર્વતની ઊંચાઇ સુધીના મધ્યલોકના સમસ્ત ક્ષેત્રમાં અને અધોલોકના ખરભાગ અને પંકભાગમાં હોય છે. વ્યંતર દેવના નિવાસ ત્રણ પ્રકારના હોય છે– ૧. ભવન, ૨. ભવનપુર અને ૩. આવાસ. ચિત્રા પૃથ્વીની નીચે આવેલા વ્યંતર દેવના નિવાસને **'ભવન'** કહે છે. આ ભવનનું વર્ણન ભવનવાસી દેવના ભવનને મળતું હોય છે. મધ્યલોકની સમભૂમિ ઉપર આવેલા વ્યંતર દેવના નિવાસને **'ભવનપુર'** કહે છે. મધ્યલોકના અસંખ્ય દ્વીપ-સમુદ્રોમાં આવા અસંખ્યાત ભવનપુરો આવેલાં છે. મધ્યલોકની ચિત્રા પૃથ્વીથી ઊંચે તળાવ, પર્વત અને વૃક્ષ ઉપર આવેલા વ્યંતર દેવના નિવાસ **'આવાસ'** તરીકે ઓળખાય છે. આવા આવાસો ચિત્રા પૃથ્વીથી એક હાથની ઊંચાઇથી માંડીને મેરુપર્વતની ઊંચાઇ સુધી પણ જ્યોતિષી દેવની નીચે હોય છે.

**અવગાહના :** વ્યંતર દેવના શરીરની ઊંચાઇ દશ ધનુષ (૧૬ મીટર) જેટલી હોય છે. આ મૂળ શરીરની ઊંચાઇ છે. વિક્રિયાથી દેવ પોતાના શરીરને અનેક પ્રકારનું બનાવી શકે છે.

**શરીરનો રંગ :** વ્યંતર દેવોમાં શરીરનો રંગ કિન્નરનો પ્રિયંગુ પુષ્પસમાન હોય છે. કિંપુરુષનો સુવર્ણસમાન, મહોરગનો શ્યામ, ગંધર્વનો સુવર્ણસમાન, યક્ષ, રાક્ષસ અને ભૂતનો શ્યામ અને પિશાચનો કાળો રંગ હોય છે. આ દેવો સામાન્યપણે કાળા રંગના હોવા છતાં દેખાવમાં સૌમ્ય, સુભગ અને સુંદર છે.

**આયુ :** વ્યંતર દેવનું ઓછામાં ઓછું આયુષ્ય દશ હજાર વર્ષનું અને વધુમાં વધુ એક પલ્ય ($૪.૧૩×૧૦^{૧૧}$ વર્ષ) જેટલું હોય છે.

**અવધિજ્ઞાનનો વિષય :** દશ હજાર વર્ષની જઘન્ય આયુ ધરાવતા વ્યંતર દેવના અવધિજ્ઞાનનો વિષય પાંચ કોશ (૧૬ કિ.મી.)થી પચાસ કોસ (૧૬૦ કિ.મી.) સુધીનો હોય છે. પલ્ય પ્રમાણ ઉત્કૃષ્ટ આયુ ધરાવતા દેવના અવધિજ્ઞાનનો વિષય ઉપર-નીચે સર્વત્ર એક લાખ યોજન (૧૨૮૦૦૦૦ કિ.મી.) જેટલો હોય છે.

**લેશ્યા :** વ્યંતર દેવને મુખ્યપણે અશુભલેશ્યા અને ગૌણપણે શુભલેશ્યા હોય છે.



**વિક્રિયા ઋદ્ધિ :** વ્યંતર દેવ જઘન્ય પ્રકારથી પોતાના સાતરૂપ અને ઉત્કૃષ્ટ પ્રકારથી એકસોરૂપ સુધીની વિક્રિયા કરી શકે છે. આ દેવો પોતપોતાના અવધિજ્ઞાનના ક્ષેત્ર જેટલા ક્ષેત્રને પોતાની વિક્રિયાથી પૂર્ણ કરી શકે છે.

**સામર્થ્ય :** સંખ્યાત વર્ષની આયુવાળા વ્યંતર દેવ એક સમયમાં સંખ્યાત યોજન સુધી અને અસંખ્યાત વર્ષની આયુવાળા વ્યંતર દેવ અસંખ્યાત યોજન સુધી જઈ શકે છે. દશ હજાર વર્ષની જઘન્ય આયુવાળા વ્યંતર દેવ સો મનુષ્યોને મારી શકે કે પાળી શકે તેવું સામર્થ્ય ધરાવે છે. તેમજ તેમનામાં દોઢસો ધનુષ (૨૪૦ કિ.મી.) પ્રમાણ વિસ્તાર અને ઊંચાઈ ધરાવતા ભૂમિખંડને ઉપાડીને ફેંકી દેવા જેવી તાકાત હોય છે. એક પલ્ય ($૪.૧૩×૧૦^{૧૧}$ વર્ષ) જેટલી ઉત્કૃષ્ટ આયુવાળા વ્યંતર દેવ છ ખંડના મનુષ્યોને મારવા કે પાળવાની શક્તિ ધરાવે છે. તેમ જ તેમનામાં આ છ ખંડને ઊંધા વાળવાની શક્તિ છે.

**કાય પ્રવીચાર :** સ્ત્રી-પુરુષના શારીરિક સંબંધને કાય પ્રવીચાર કહે છે. વ્યંતર દેવમાં વીર્ય સ્ખલનનો સંબંધ ન હોવા છતાં મનુષ્યની જેમ દેવ-દેવી શરીરથી સમાગમ કરી કામસેવન કરે છે. કામાંધતાના કારણે તેઓ પોતાના વ્યતીત થયેલા સમયને જાણતા નથી અને પોતાનું લાંબુ આયુષ્ય વિષયભોગમાં વેડફી નાંખે છે. આ દેવો મનુષ્યના શરીરમાં પ્રવેશ પામતા હોવા છતાં પવિત્ર વૈક્રિયિક શરીરના ધારક આ દેવો કદી પણ મનુષ્યના અશુચિમય ઔદારિક શરીર સાથે કામસેવન કરતાં જ નથી.

**ગતિ-આગતિ :** સામાન્યપણે કર્મભૂમિના મનુષ્ય અને પશુ વ્યંતર દેવમાં ઉપજે છે. કોઈવાર ભોગભૂમિનો જીવ પણ વ્યંતરમાં ઉપજે છે. વ્યંતરમાં ઉપજનારો જીવ મિથ્યાદષ્ટિ હોય છે.

વ્યંતર દેવમાંથી બહાર નીકળલો જીવ કર્મભૂમિનો મનુષ્ય કે તિર્યંચ થાય છે તે તિર્યંચ સંજ્ઞી પંચેન્દ્રિય અને પર્યાપ્તક જ હોય છે. કોઇ જીવ અત્યંત વિષયાસક્ત હોય અને મરણના છ મહીના અગાઉ મંદારમાળા મુરઝાઇ જવાથી પોતાનું મરણ નજીક જાણીને છ મહિના સુધી વિલાપ અને સંતાપ કરતો મરે તો તે પૃથ્વીકાય, પાણીકાય કે વનસ્પતિકાયના એકેન્દ્રિય સ્થાવરમાં પણ અવતરે છે.

**વ્યંતર દેવમાં ઉપજવાનું કારણ :** કુમાર્ગમાં સ્થિત, દૂષિત આચરણવાળા, સંપત્તિમાં આસક્ત, સંયમ લઈને તેને મલિન કરવાવાળા, પંચાગ્નિ તપ કરવાવાળા, મિથ્યાદષ્ટિ પણ મંદ કષાયી હોય તેવા જીવો સામાન્યપણે વ્યંતર દેવમાં ઉપજે છે.

**સમ્યક્ત્વનો અધિકાર :** સમ્યગ્દષ્ટિ જીવ વ્યંતર દેવમાં ઉપજતો નથી. પણ પૂર્વે મનુષ્ય ભવમાં સમ્યક્ત્વ સંબંધી સંસ્કાર પ્રાપ્ત કરેલો હોય તેવો જીવ પૂર્વભવનું જાતિ સ્મરણ જ્ઞાન, દેવ ઋદ્ધિ દર્શન, જિનબિંબદર્શન કે ધર્મશ્રવણ જેવું નિમિત્ત પામીને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી શકે છે.

## વ્યંતર દેવના માનસિક દુઃખ

રે ! હીન દેવ થઈ તું પામ્યો તીવ્ર માનસ દુઃખને
દેવો તણા ગુણ વિભવ, ઋદ્ધિ, મહાત્મ્ય બહુ વિધ દેખીને

સુર-અપ્સરાના વિરહકાળે હે મહાયશ ! સ્વર્ગમાં
શુભભાવના વિરહિતપણે તે તીવ્ર માનસ દુઃખ સહ્યા.

**ભાવાર્થ :** હે જીવ ! તું વ્યંતર જેવા હલકા પ્રકારનો દેવ થઈને અન્ય ઉચ્ચ પ્રકારના દેવોના તારા કરતા

ચઢિયાતા અનેક પ્રકારના ગુણ, વૈભવ, ઋદ્ધિ અને મહિમા જોઈને તીવ્ર માનસિક દુઃખ પામ્યો. વળી સમ્યક્ત્વ વિનાના પુણ્યોદયે દેવપણાનો યશ પામનાર હે મહાયશ ! શુભભાવના વિરહિતપણે એટલે કે સમ્યક્ત્વથી રહિતપણે દેવલોકમાં પ્રિય દેવાંગનાનો વિયોગ થતા તેના વિરહકાળે તેં જે માનસિક દુઃખ ભોગવ્યા છે તે ઘણાં તીવ્ર જાણ. (ભાવપાહુડ : ગાથા ૧૨)

આ જગતમાં સામાન્યપણે શારીરિક દુઃખને જ દુઃખ માનવામાં આવે છે. પણ વાસ્તવમાં શારીરિક દુઃખ તો ઘણું તુચ્છ છે અને માનસિક દુઃખ જ મોટું દુઃખ છે. દેવલોકના દેવોને શારીરિક દુઃખની મુખ્યતા નથી પણ તેમને માનસિક દુઃખ ઘણું હોય છે. માનસિક દુઃખના કારણે દેવલોકના દેવો અને તેમાંય ખાસ કરીને વ્યંતર દેવો ઘણાં દુઃખી જાણવા.

શુભભાવનાથી વિરહિતપણું એટલે કે સમ્યક્ત્વપૂર્વકની સારી ભાવનાથી રહિતપણાના કારણે આ માનસિક દુઃખ હોય છે. તેથી મન સહિતના પણ મિથ્યાત્વી હોય તેવા સઘળાં પ્રાણી માનસિક દુઃખથી દુઃખી જાણવા. તેમનું મિથ્યાત્વ જેટલું તીવ્ર તેમ તેમનું માનસિક દુઃખ પણ તેટલું તીવ્ર હોય છે.

## માનસિક દુઃખ અને તેના પ્રકાર

**પોતાની ઈચ્છાની પૂર્તિ માટે, કષાય અનુસારના કાર્ય માટે કે અન્ય કોઈ હેતુ માટે પરપદાર્થને પરિણમાવવા માટે થતી ચિંતા, તાણ, હતાશા, ખેદ, ગ્લાનિ, અજંપો, આકુળતા વગેરેને માનસિક દુઃખ કહે છે.**

પરપદાર્થ પોતાની મરજી મુજબ પરિણમતા નથી. તેમ છતાં પરપદાર્થને પોતાની મરજી મુજબ પરિણમાવવાની ભાવના રાખવાથી થતાં દુઃખને માનસિક દુઃખ કહે છે. માનસિક દુઃખ એ ઘણું મોટું દુઃખ છે અને તે મન ધરાવતા સઘળાં સંસારી અજ્ઞાની પ્રાણીઓને હોય છે.



વ્યંતર દેવમાં માનસિક દુઃખની મુખ્યતા છે. તેથી અહીં વ્યંતર દેવના માધ્યમથી માનસિક દુઃખને બતાવવામાં આવે છે. માનસિક દુઃખ અનેક પ્રકારના છે. પણ તેમાં વ્યંતર દેવ સાથે સંબંધિત માનસિક દુઃખ મુખ્યત્વે ત્રણ પ્રકારે જોવા મળે છે. જે આ પ્રમાણે છે–

૧. ઈષ્ટ વિયોગના કારણે થતું માનસિક દુઃખ

૨. ઈર્ષ્યાના કારણે થતું માનસિક દુઃખ

૩. વૈરભાવનાના કારણે થતું માનસિક દુઃખ

### ૧. ઈષ્ટ વિયોગના કારણે થતું માનસિક દુઃખ

**ઈષ્ટ સંયોગનો વિયોગ થતા થતી વિરહની વેદના અને તેથી થતી વ્યાકુળતાને ઈષ્ટ વિયોગના કારણે થતું માનસિક દુઃખ કહે છે.**

અનિષ્ટના સંયોગથી થતું દુઃખ એ માનસિક દુઃખ છે, તેમ ઈષ્ટના વિયોગથી થતું દુઃખ પણ માનસિક દુઃખ જ છે. વ્યંતર દેવને પુણ્યોદયના પ્રતાપે અનિષ્ટનો સંયોગ હોતો નથી તોપણ એ પુણ્યોદય ઓછો થતાં ઈષ્ટનો વિયોગ હોય છે. તેમાંય ખાસ કરીને દેવાંગનાનો વિયોગ અવશ્ય હોય છે. કેમકે, વ્યંતર દેવ કરતાં તેની દેવાંગનાનું આયુષ્ય ઓછું હોય છે. એક પલ્ય પ્રમાણ આયુષ્ય ધરાવતા વ્યંતરેન્દ્રની અપ્સરાનું આયુષ્ય તેનાથી અડધું હોય છે. તેથી પોતાના જીવનકાળ દરમ્યાન પોતાની અપ્સરાનો વિયોગ અવશ્ય બને છે. વ્યંતરેન્દ્રની અપ્સરા ઉત્તમ ગુણોથી યુક્ત હોય છે. પોતાની વિક્રિયાથી તે પોતાની વેશભૂષા એવી બનાવે છે કે જે પોતાના પતિના મનને હરી લ્યે છે. તે દરેક પ્રકારની લલિત કળા અને નૃત્યમાં દક્ષ હોય છે. તેની બહુમુખી પ્રતિભા અને વિનયી વ્યવહારથી તે બધાંને વહાલી લાગે છે. તે પોતાના પતિને પ્રિય હોય તેવું મધુર સંભાષણ જ કરે છે. પોતાના અદ્દભૂત રુપ અને આકર્ષક છટાથી પોતાના પ્રાણનાથની તે અત્યંત પ્રિય હોય છે. આવી પ્યારી અપ્સરાનો વિયોગ વ્યંતરેન્દ્રને પણ વસમો લાગે છે. બીજા

દેવો પણ પોતાની દેવાંગનાનો વિરહ સહન કરી શકતા નથી. અજ્ઞાની દેવ સમ્યક્ત્વપૂર્વકની શુભભાવનાથી રહિત હોવાના કારણે સંયોગી બાબતનો વિયોગ પણ હોય છે તે બાબત સ્વીકારી શકતા નથી. અને તેથી આ દેવ પોતાની દેવાંગનાના વિરહથી વ્યાકુળ થઇ માનસિક દુઃખ અનુભવે છે. આ રીતે ઇષ્ટ વિયોગના કારણે થતા માનસિક દુઃખથી વ્યંતર દેવોને દુઃખી જાણવા.

### ૨. ઈર્ષ્યાના કારણે થતું માનસિક દુઃખ

**પોતાથી ઊંચી લાયકાત, વિભૂતિ, સ્થાન, ઋદ્ધિ, હોદો વગેરે ધરાવતી વ્યક્તિ પ્રત્યે અદેખાઈ કે [૫] તેજોદ્વેષ રાખવો તેને ઈર્ષ્યા કહે છે. આવી ઈર્ષ્યાના કારણે થતાં મનના સંતાપને ઈર્ષ્યાના કારણે થતું માનસિક દુઃખ કહે છે.**



અજ્ઞાની જીવ પોતાનાથી વધુ ગુણવાન કે લાયકાત ધરાવતી વ્યક્તિ પ્રત્યે કદાચિત્ બહારથી આદર રાખે છે. પણ અંદરથી ઈર્ષ્યા ધરાવે છે. અજ્ઞાનથી ઉત્પન્ન થતાં માત્સર્ય ભાવને કારણે વ્યંતર દેવો દુઃખી હોય છે. નીચલી કક્ષાના વ્યંતર દેવ ઉપલી કક્ષાના દેવની અદેખાઇ કરે છે. ઉપલી કક્ષાના દેવ ઇન્દ્રની અદેખાઇ કરે છે. ઇન્દ્ર પણ પોતાથી વધુ વિભૂતિ ધરાવતા અન્ય ઇન્દ્રની અદેખાઇ કરે છે. પોતાથી ઉપલી કક્ષાના ન હોય અને સમાન કક્ષાના કે નીચલી કક્ષાના હોય તેવા દેવ કોઇ બાબતમાં પોતાથી વધુ કુશળતા ધરાવતા હોય તોપણ તેના પ્રત્યે તેજોદ્વેષ ધરાવી અંદરમાં બળતરા અનુભવે છે. આ રીતે વ્યંતર દેવ પોતાથી ઊંચી કક્ષાના દેવ પ્રત્યે અદેખાઇ રાખી અને સમાન કે નીચી કક્ષાના દેવ કોઇ બાબતમાં પોતાથી આગળ હોય તો તેજોદ્વેષ ધરાવી મનમાં બળ્યા કરે છે. પુણ્યશાળી અને વૈભવયુક્ત હોવા છતાં વ્યંતરદેવો કોઇના પણ પ્રત્યે અદેખાઇ કે તેજોદ્વેષથી બળીઝળી રહ્યા હોય છે. જેને ઈર્ષ્યાના કારણે થતું માનસિક દુઃખ કહે છે. આવા ઈર્ષ્યાજન્ય માનસિક દુઃખના કારણે વ્યંતર દેવો મહાદુઃખી જાણવા.

### ૩. વૈરભાવના કારણે થતું માનસિક દુઃખ

**કોઈના પ્રત્યે દ્વેષની લાગણી ધરાવવી, દુશ્મનાવટ રાખવી, કોઈ અદાવતનો બદલો લેવાની ભાવના સેવવી વગેરે જેવા કારણોસર થતા મનના સંતાપને વૈરભાવનાના કારણે થતું માનસિક દુઃખ કહે છે.**

વ્યંતર દેવનો કષાય મંદ નથી અને ઉપયોગ ઘણો ચંચળ છે. તેથી તેઓ પોતાના કષાય અનુસારના કાર્ય કરવા માટે ચારેબાજુ અહીંતહીં ભટકતા હોય છે. તેઓ પોતાના વિભંગજ્ઞાન વડે પોતાના પૂર્વના વૈરી જીવને જાણી લ્યે છે. અને પોતાની વૈરવૃત્તિ પોષવામાં પોતાના મોટા ભાગના કષાયનું પોષણ થતું હોય તેઓ તેના માટે તત્પર રહે છે. આથી ભૂત, પિશાચ જેવા હલકા પ્રકારના વ્યંતર દેવ પોતાની અદ્‌ભૂત શક્તિ અને મહાન ઋદ્ધિનો ઉપયોગ પોતાની વૈરભાવનાના પોષણ માટે પણ કરે છે.આ માટે તેઓ પોતાના પૂર્વના વૈરી મનુષ્યના શરીરમાં પ્રવેશ કરી તેની પાસે પોતાની મરજી મુજબની ક્રિયાઓ કરાવે છે. આ રીતે બીજાનું બૂરું કરી પોતાની વૈરભાવના પોષે છે. ખરેખર તો બીજાનું બૂરું થાય કે ન થાય પણ વૈરભાવનાના કારણે પોતાનું તો અવશ્ય બૂરું થાય જ છે.

વૈરાગ્નિથી સંતપ્ત વ્યંતર દેવ પોતાની અંદરમાં અત્યંત ઉદ્વેગ અનુભવે છે અને તેથી તે ઘણો દુઃખી છે. વળી તે કદાચિત્ બીજાનું બૂરું કરી પોતાની વૈરભાવના પોષે તોપણ તેને કોઇ સંતોષ થતો નથી અને અંદરનો કષાય ઘટવાને બદલે વધી જતો હોવાથી તેનું દુઃખ પણ વધે જ છે. તેથી વૈરભાવનાના કારણે થતું માનસિક દુઃખ એ ઘણું મોટું દુઃખ જાણવું અને વ્યંતર દેવો આવા માનસિક દુઃખના કારણે મહાદુઃખી જાણવા.

વ્યંતર દેવને વૈરભાવનાના કારણે થતું માનસિક દુઃખ મનુષ્ય સાથે સંબંધિત હોવાથી આ બાબતની વધુ છણાવટ આ નીચે પ્રશ્નોત્તરરૂપે કરવામાં આવે છે.

**પ્રશ્ન :** વ્યંતર દેવ પૂર્વજન્મનો વૈર વિરોધ જાણી પોતાના વૈરી મનુષ્યના શરીરમાં પ્રવેશી તેને હેરાન-પરેશાન કરી પીડા પહોંચાડે એ બાબત કઈ રીતે શક્ય છે ?

**ઉત્તર :** આપણે અહીં રહીએ છીએ તે મધ્યલોકમાં વ્યંતર દેવોના નિવાસ સ્થાન હોય છે અને અધોલોકમાં રહેતા હોય તેવા વ્યંતર દેવોનું પણ મનુષ્ય લોકમાં આવાગમન હોય છે. આ દેવો એક સમયમાં અસંખ્યાત યોજન સુધી જઈ શકતા હોવાથી તેમને એક સ્થળેથી બીજે સ્થળે પહોંચતા જરાય વાર લાગતી નથી. આ દેવ વૈક્રિયિક શરીરના ધારક હોવાથી મનુષ્ય પોતાના ઇન્દ્રિયજ્ઞાન વડે તેને જોઇ શકતો નથી. પણ દેવ પોતાના ' *વિભંગજ્ઞાન* વડે મનુષ્યને જોઇ શકે છે અને તે પોતાના પૂર્વનો વૈરી છે તેમ પણ જાણી શકે છે. પોતાની વૈરવૃત્તિ પોષવા તેઓ પોતાના વૈરી મનુષ્યના શરીરમાં પ્રવેશ કરી શકે છે. ખાસ કરીને નબળા મનની વ્યક્તિમાં તે પ્રવેશ પામી તેને વશ કરી શકે છે અને તેની પાસે મનુષ્યને ' *અનુચિત* એવી ધુણવા જેવી ચેષ્ટા કરાવે છે. ક્યારેક ભૂતના અદશ્ય ભડકા વડે દઝાડે છે તો ક્યારેક કિંમતી માલસામાન બાળી નાંખે છે. આ ઉપરાંત તે તેના શરીરમાં ખાલી ચઢાવે, માથામાં ઢીમચાં કરે, હાથ-પગમાં ચામઠા પાડે વગેરે જેવા કૃત્ય કરી તે વ્યક્તિ અને તેના કુટુંબીજનોને પરેશાન કરે છે. તે વ્યક્તિના કોઇ કાર્યમાં બાધા લાવીને પણ તેને હેરાન કરે છે.



પરંતુ તેનો અર્થ એવો નથી કે વ્યંતર દેવના કારણે કોઇ મનુષ્ય હેરાન થાય છે. દરેક જીવ સ્વતંત્ર છે અને કોઇ કોઇનું કર્તા-હર્તા નથી. તેથી વ્યંતર દેવ પણ કોઇને હેરાન-પરેશાન કરી શકે નહિ. પણ પોતાનો પાપનો ઉદય હોય ત્યારે હેરાનગતિનું કોઇ બાહ્ય નિમિત્ત પણ અવશ્ય હોય છે અને આવા નિમિત્ત તરીકે વ્યંતર દેવ પણ હોઇ શકે છે. આ રીતે હેરાનગતિનું અંતરંગ નિમિત્ત પાપકર્મનો ઉદય હોય ત્યારે વ્યંતર દેવ તેનું બાહ્ય નિમિત્ત બની શકે છે. પોતાને હેરાન થવાનું હોય ત્યારે બાહ્ય નિમિત્ત કોઇપણ હોઈ શકે તેથી બાહ્ય નિમિત્તનું કોઇ મહત્ત્વ નથી પણ અંતરંગ નિમિત્ત જ મહત્ત્વનું છે. વળી કોઇ પણ નિમિત્ત કારણ ગૌણ છે અને ઉપાદાન કારણ જ મુખ્ય છે. હેરાનગતિ થવામાં ઉપાદાન કારણ જીવનો પોતાનો અપરાધ અને મિથ્યાત્વ છે. જીવના પરદ્રવ્ય તરફના લક્ષ અને એકત્વરૂપ અજ્ઞાનતાના કારણે જ તે વ્યંતર દેવને વશ થઇ હેરાન થાય છે. તેથી વ્યંતર દેવના કારણે તે હેરાન થાય છે તેમ માનવું એ બરાબર નથી.

**પ્રશ્ન :** સમયસાર ગાથા ૯૬ની ટીકામાં પણ ભૂત મનુષ્યના શરીરમાં પ્રવેશી તેને પરેશાન કરે છે તેવું દષ્ટાંત આવે છે. તો તમે ભૂત જેવા વ્યંતર દેવ કોઇને હેરાન કરે નહિ તેમ કઈ રીતે કહો છો ?

**ઉત્તર :** આ ગાથામાં જીવના સવિકાર અને સોપાધિક પરિણામનું મૂળ અજ્ઞાન છે તેમ દર્શાવ્યું છે. તેથી જીવની હેરાનગતિ અને તેથી થતાં દુઃખનું મૂળ પણ અજ્ઞાન જ છે એમ ઠરાવ્યું છે.

અહીં જીવના ભાવ્ય-ભાવકભાવના સંકરદોષરૂપ અજ્ઞાનના કારણે થતા જીવના સવિકાર પરિણામ સમજાવવા માટે ભૂતાવિષ્ટ પુરુષનું દષ્ટાંત આપેલ છે. તેમાં ભૂતાવિષ્ટ પુરુષના દષ્ટાંતના આધારે આત્માના સવિકાર પરિણામ કઇ રીતે થાય છે તેનો સિદ્ધાંત તારવ્યો છે. જે આ પ્રમાણે છે–

**દષ્ટાંત :** જેને પાપકર્મનો ઉદય હોય તેવી નબળા મનોબળવાળી વ્યક્તિ (ઘણું કરીને સ્ત્રી)ના શરીરમાં પોતાની વૈરવૃત્તિ પોષવાના પ્રયોજનાર્થે ભૂતાદિ પ્રકારના વ્યંતર દેવ પ્રવેશ પામી પોતાને વશ કરે છે. ત્યારે તે વ્યક્તિ પોતાના અજ્ઞાનના કારણે ભૂતને વશ થઇ 'હું મનુષ્ય છું' અને 'આ ભૂત છે' એવું વિવેકયુક્ત ભાન નહિ હોવાને કારણે તે ભૂતપ્રેરિત મનુષ્યને અનુચિત એવી ધૂણવા જેવી ચેષ્ટાઓ કરે છે અને તેની સાથે તન્મયપણે પ્રવર્તી પીડા પામે છે.

આ પ્રકારે ભૂતાવિષ્ટ વ્યક્તિ પીડાપ્રદ હેરાનગતિના

અમાનુષ વ્યવહારવાળો હોવાથી તે તે પ્રકારના પોતાના ભાવનો કર્તા ભાસે છે. તે જે પ્રકારના ભાવનો કર્તા થાય છે. તેનો ભોક્તા પણ થાય છે.



નિશ્ચયથી ભૂત એ ભાવક છે અને તેની અનુચિત ચેષ્ટા એ તેનું ભાવ્ય છે. તે જ રીતે મનુષ્ય એ ભાવક છે અને તે ચેષ્ટાનું જ્ઞાન એ તેનું ભાવ્ય છે. પણ અજ્ઞાની મનુષ્ય ભાવક થઇને પોતાના જ્ઞાનને પોતાનું ભાવ્ય બનાવવાને બદલે ભૂતપ્રેરિત અનુચિત ચેષ્ટાને જ પોતાનું ભાવ્ય બનાવી ભાવ્ય-ભાવક સંકરદોષરૂપ અજ્ઞાનભાવે પરિણમે છે અને આ અજ્ઞાનભાવના કારણે તે તે ચેષ્ટાનો ભોક્તા બને છે. જે આવી ચેષ્ટાનો ભોક્તા બને છે તે તેનો કર્તા પણ થાય છે. આથી આવી અનુચિત ચેષ્ટાના ફળ એવા હેરાનગતિ અને તેથી થતા દુઃખનો કર્તા-ભોક્તા પણ તે અજ્ઞાની જ છે.

આથી અહીં વ્યક્તિના દુઃખનું મૂળ કારણ ભૂત નહિ પણ પોતાનું અજ્ઞાન જ છે તેમ નક્કી થાય છે.

**સિદ્ધાંત** : જેને મિથ્યાત્વ કર્મનો ઉદય હોય તેવા સંસારી જીવના પ્રદેશમાં પોતાનું ફળ આપવાના પ્રયોજનાર્થે ભૂતાદિરૂપ મોહાદિ પ્રકારના કર્મનાં ઉદય પ્રવેશ પામી પોતાને વશ કરે છે. ત્યારે તે સંસારી જીવ પોતાના અજ્ઞાનના કારણે 'હું જીવ છું' અને 'આ કર્મના ઉદયનો સ્વાદ છે' એવું વિવેકપૂર્ણ ભાન નહિ હોવાને કારણે તે કર્મોદય પ્રેરિત જીવને અનુચિત એવી રાગાદિની ચેષ્ટાઓ કરે છે અને તેની સાથે તન્મયપણે પ્રવર્તી પીડા પામે છે.

આ પ્રકારે પૌદ્ગલિક મોહાદિ કર્મના ઉદયને વશ સંસારી જીવ પીડાપ્રદ રાગાદિના અનુચિત વ્યવહારવાળો હોવાથી તે તે પ્રકારના પોતાના રાગનો કર્તા થાય છે. તે જે રાગનો કર્તા થાય છે તેનો ભોક્તા પણ થાય છે.

નિશ્ચયથી પૌદ્ગલિક કર્મ એ ભાવક છે અને તેના ઉદયનો રાગાદિ ભાવ એ તેનું ભાવ્ય છે. તે જ રીતે સંસારી જીવ એ ભાવક છે અને પૌદ્ગલિક રાગાદિ ભાવનું જ્ઞાન એ તેનું ભાવ્ય છે પણ અજ્ઞાની સંસારી જીવ ભાવક થઇને પોતાના જ્ઞાનને પોતાનું ભાવ્ય બનાવવાને બદલે પૌદ્ગલિક કર્મના ઉદયના રાગાદિ ભાવને પોતાનું ભાવ્ય બનાવી ભાવ્ય-ભાવક સંકર દોષરૂપ અજ્ઞાનભાવે પરિણમે છે અને આ અજ્ઞાન ભાવના કારણે તે તે રાગાદિ ભાવનો ભોક્તા બને છે. જે આવા રાગાદિનો ભોક્તા બને છે તે તેનો કર્તા પણ થાય છે. આથી આવા રાગાદિના ફળ એવી આકુળતા અને દુઃખનો કર્તા-ભોક્તા પણ તે અજ્ઞાની જ છે.

આથી અહીં સંસારી જીવના દુઃખનું મૂળ કારણ ભૂતાદિ જેવા પૌદ્ગલિક મોહાદિ કર્મનો ઉદય નહિ પણ પોતાનું અજ્ઞાન જ છે તેમ નક્કી થાય છે.

અહીં તાત્પર્ય એ છે કે જ્યારે મનુષ્ય અજ્ઞાનના કારણે પોતે પોતાના મનુષ્યપણાને ભૂલી જાય છે. ત્યારે તે ભૂતપ્રેરિત અનુચિત ચેષ્ટાને વશ થઇ દુઃખી થાય છે. તેમ જ્યારે સંસારી જીવ અજ્ઞાનના કારણે પોતે પોતાના જ્ઞાયક સ્વભાવને ભૂલી જાય છે ત્યારે તે કર્મોદયરૂપ ભૂતપ્રેરિત રાગાદિને વશ થઇ દુઃખી થાય છે. તેથી આ સઘળા દુઃખનું મૂળ અજ્ઞાન જ છે.

**પ્રશ્ન : મનુષ્ય પોતાના અજ્ઞાનથી દુઃખી થાય છે અને વ્યંતર દેવ તેને દુઃખી કરતો નથી. પણ પોતાના દુશ્મનના દુઃખી થવાથી અને તેથી પોતાનો વૈરભાવ પોષાવાથી વ્યંતર દેવ તો સુખી થાય ને ? તો પછી વ્યંતર દેવના માનસિક દુઃખ દર્શાવવાના આ પ્રકરણમાં તમો તેના સુખને કેમ દર્શાવો છો ?**

**ઉત્તર** : વૈરભાવ રાખવો કે પોષવો એ કષાયનો જ ભાવ હોવાથી દુઃખ જ છે અને સુખ બિલકુલ નથી. વૈરભાવ પોતે જ દ્વેષભાવ હોવાથી કષાય છે અને તે કષાય અનુસાર દુશ્મનને દુઃખી કરી પોતાના વૈરભાવને સંતોષવો એ પણ મોહજન્ય રતિભાવ હોવાથી કષાય છે. કોઇપણ કષાયના કારણે આત્માના સ્વભાવનો ઘાત થઇ આકુળતાની પ્રગટતા થાય છે તેથી તે દુઃખરૂપ છે. અજ્ઞાની જીવ પોતાના અજ્ઞાનના કારણે તે દુઃખને પણ સુખ માને તે તેની ભ્રાંતિ છે. પોતાના દુઃખને સુખ માનવાની ભ્રાંતિ શા માટે છે ? અને કઇ રીતે ટળે ? તેની વાત આગળ ઉપર હવે પછી આવશે. અહીં તો એટલું જ સમજવાનું છે કે વૈરભાવ અને તેનું પોષણ એ એક કષાયભાવ છે અને માનસિક દુઃખરૂપ છે આવા માનસિક દુઃખથી વ્યંતર

દેવ મહાદુઃખી જાણવા.

દુઃખ ટાળવા માટે પોતાના કષાયનો નાશ કરવો જોઇએ. કષાયનો નાશ કરવા માટે અજ્ઞાનનો નાશ કરવો જોઇએ. તેથી દુઃખ ટાળવાનો એક માત્ર ઉપાય અજ્ઞાન ટાળવાનો છે. પણ તે માટે બીજો કોઇ ઉપાય કર્તવ્ય નથી.



**પ્રશ્ન :** ઘણાં મરણ પામેલ પિતૃ વ્યંતર થાય છે અને તેઓ પોતાના પુત્ર કે પુત્રવધુના શરીરમાં પ્રવેશી પરેશાન કરે છે અને પિતૃતર્પણ કરવાનું કહે છે. અને પોતાની જાતે કે કોઈ તાંત્રિક પાસે પિતૃતર્પણ કરાવવાથી તેનો ઉપદ્રવ મટી જાય છે. તો આવો ઉપાય કરવાથી વ્યંતરનો ઉપદ્રવ શાંત થાય તે બાબત બરાબર છે ?

**ઉત્તર :** પિતૃતર્પણનો ઉપાય કરવાથી વ્યંતરનો ઉપદ્રવ શાંત થાય તે બાબત બિલકુલ સાચી નથી. વાસ્તવમાં પુત્રના કે પુત્રવધુના શરીરમાં પ્રવેશી પિતૃતર્પણ કરવાનું કહેનાર વ્યંતર કોઇ પિતૃ હોતા જ નથી. પોતાના પિતૃ હોય તે પોતાને પરેશાન કરે કે પોતાના તર્પણ માટેનું કહે તેવું બને જ નહિ. પણ તે કોઇ વૈરી હોય તેવો વ્યંતર દેવ જ પોતાની વૈરવૃત્તિ પોષવા જ આવું કહે છે. આવું કહેનારા વ્યંતર દેવ જૂઠા અને માયાચારી હોય છે. તેઓ વિભંગજ્ઞાનથી પિતૃની હકીકત જાણી પોતે જ પિતૃ હોય તેવો દેખાવ કરી તેની કોઇ સાબિતિ પણ આપે છે અને આ રીતે બીજાને ઠગી પોતાની મનમાની કરાવે છે. તેથી આવું પિતૃતર્પણ કે શ્રાદ્ધ વગેરે કરવું તે ઠગવિદ્યાને તાબે થવા જેવું છે.

વળી પિતૃતર્પણ કરવાની કોઇ ક્રિયાથી પિતૃતર્પણ થતું જ નથી. કેમ કે મનુષ્યની કોઇ ક્રિયા વ્યંતર દેવને પહોંચતી નથી. પિતૃના નામે કાગડાને દુધ પૌંઆ ખવરાવવારૂપ કાગવાશ કરવાથી તે પિતૃને પહોંચતું નથી. વ્યંતર દેવને માનસિક આહાર હોય છે અને કવલાહાર હોતો નથી. તેથી પિતૃના નામે કાગવાશ કરાવવી, તીર્થમાં શ્રાદ્ધ કરાવવું કે અન્ય કોઇ પ્રકારથી પિતૃતર્પણની વિધિ કરાવવી તે એક મોટી અંધશ્રદ્ધા છે અને તેથી વ્યંતર દેવનો કોઇ ઉપદ્રવ શાંત થાય તે બાબત બરાબર નથી.

**પ્રશ્ન :** ઉપદ્રવ કરનાર વ્યંતર દેવની પૂજા કે ભક્તિ કરવાથી તેનો ઉપદ્રવ શાંત થાય તે બાબત બરાબર છે ?

**ઉત્તર :** ઉપદ્રવ કરનાર વ્યંતર દેવ અજ્ઞાની હોય છે. તેની પૂજા કે ભક્તિ કરવાથી મિથ્યાત્વની મજબૂતાઇ, પાપનું પોષણ અને કર્મનું બંધન થાય છે. અને તેથી પોતાનો કોઇ ઉપદ્રવ અટકી જાય તેમ સંભવતું નથી પણ તે ઊલટાનો વધી શકે છે. તેથી વ્યંતર દેવનો ઉપદ્રવ શાંત કરવા માટે તેની પૂજા કે ભક્તિ કરવી યોગ્ય નથી.

વળી જે પોતાને પરેશાન કરે તેની પૂજા કે ભક્તિ કરવાથી તેનો ઉપદ્રવ વધુ વકરે છે. તેને તો ધોકો જ ફટકારવાનો હોય એટલે કે તેમની અવગણના જ કરવી જોઇએ.

**પ્રશ્ન :** તો પછી વ્યંતર દેવનો ઉપદ્રવ શાંત કરવા માટે શું કરવું ?

**ઉત્તર :** વ્યંતર દેવના ઉપદ્રવને શાંત કરવા માટે પોતે મનથી મજબૂત બની તે વ્યંતરને વશ ન થવું તે જ તેનો ઉપાય છે. પોતાની મનની મજબૂતાઇ કરવા માટે પોતાનું અજ્ઞાન ટળે તેવો ઉપાય કરવો. આત્માની સાચી સમજણ થવાથી મન મજબૂત થાય છે અને તેથી વ્યંતરનો ઉપદ્રવ અટકી જાય છે.

આ ઉપરાંત વીતરાગી દેવ-ગુરુની ભક્તિ-પૂજા કરવી તે પણ તેનો ઉપાય છે. આત્માનું લક્ષ અને ખરા હૃદયપૂર્વકની વીતરાગી ભગવાનની ભક્તિથી પોતાનું પાપ હળવું થાય છે અને કદાચિત્ તે પાપ પલટીને પુણ્ય પણ થઇ જાય છે અને તેથી પણ વ્યંતરનો ઉપદ્રવ આપમેળે અટકી જાય છે.

ઉપર જણાવ્યા મુજબ ઇષ્ટનો વિયોગ, ઇર્ષ્યાભાવ અને વૈરભાવ જેવા માનસિક દુઃખના કારણે વ્યંતર દેવો મહા દુઃખી જાણવા.

## માનસિક દુઃખ ઘટાડવાનો ઉપાય

मन ही मनुष्याणां सुखदुःख कारणम् ।

આ કથન અનુસાર મનુષ્યનું મન જ તેના સુખદુઃખનું કારણ હોય છે. મનમાં ચિંતા, તાણ, સંતાપ, હતાશા, ખેદ, ગ્લાનિ, અજંપો, ઈર્ષ્યા, વૈર, દુર્ભાવના,

આર્તધ્યાન, રૌદ્રધ્યાન વગેરે માનસિક દુઃખના પ્રકારો છે.

દરેક પ્રકારના માનસિક દુઃખ એ મનની વ્યગ્રતા, અસ્થિરતા કે ચંચળતાનું પરિણામ છે. મનની ચંચળતાનું કારણ પોતાના સ્વરૂપની અણસમજણ છે. સ્વરૂપની અણસમજણનું કારણ જીવનું અજ્ઞાન કે મિથ્યાત્વ જ જાણવું. તેથી માનસિક દુઃખ મટાડવા માટે મિથ્યાત્વને મટાડવાનો જ ઉપાય કરવો.

મિથ્યાત્વ મટાડવા માટે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ જરૂરી છે. તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવાથી મનની એકાગ્રતા કેળવાય છે અને મનની વ્યગ્રતા ઘટે છે. આ ઉપરાંત બારભાવનાના અભ્યાસપૂર્વક તેનું ચિંતવન કરવાથી પણ ચિત્તની ચંચળતા ઓછી થાય છે અને તેથી પણ માનસિક દુઃખ હળવું થાય છે.

## ઉપસંહાર

સંપૂર્ણ મધ્યલોકમાં અને અધોલોકના કેટલાંક ભાગમાં રહેતા અને ચારેબાજુ રખડતા દેવને વ્યંતર દેવ કહે છે. આ દેવ માનસિક દુઃખથી ત્રસ્ત હોય છે.

આ જગતમાં માનસિક દુઃખ જ મોટું દુઃખ છે. ઇષ્ટનો વિયોગ, ઇર્ષ્યા અને વૈરભાવનાના કારણે થતા માનસિક દુઃખ વ્યંતર દેવને હોય છે. કોઇપણ માનસિક દુઃખનું કારણ મનની ચંચળતા છે. મનની ચંચળતાનું કારણ જીવનું અજ્ઞાન છે. પરવિષયોમાંથી સુખ મેળવવાની ભાવના, પરમાં એકત્વબુદ્ધિ અને પરપદાર્થના કર્તા-ભોક્તા જેવી મિથ્યા માન્યતાઓને અજ્ઞાન કહે છે. માનસિક દુઃખ મટાડવા માટે મિથ્યા માન્યતારૂપ અજ્ઞાન મટાડવું જરૂરી છે.



અજ્ઞાન ટળતાં મનની ચંચળતા ટળે છે. અને મનની ચંચળતા ટળવાથી મન સ્થિર થાય છે. મન સ્થિર થવાથી માનસિક દુઃખ રહેતું નથી. આ સ્થિર થયેલું મન પોતાના આત્મ સ્વરૂપના ચિંતવન અને ધ્યાનમાં પ્રવર્તે છે અને તેથી શુદ્ધાત્માનુભવ અને તેથી થતું આત્મિક સુખ ઉત્પન્ન થાય છે.

પરંતુ આ માટે જે મન વિષય-કષાયમાં લાગી રહ્યું છે તેને મિથ્યા માન્યતારૂપ અજ્ઞાન ટાળવામાં અને તે પછી પોતાના શુદ્ધાત્મા સ્વરૂપના ચિંતવન અને ધ્યાનમાં લગાડવું જોઇએ. તેથી પોતાનું માનસિક દુઃખ મટી આત્મિક સુખની પ્રાપ્તિ થાય છે. પંડિત બનારસીદાસજીના શબ્દોમાં–

(દોહરા)

**जो मन विषै-कषायमैं, बरतै चंचल सोई।**
**जो मन ध्यान विचारसौं, रुके सु अविचल होइ ।।**
**तातै विषै-कषायसौं, फेरि सु मन की बांनि।**
**सुद्धात्म अनुभौ विषै, कीजे अविचल आनि ।।**

**ભાવાર્થ :** જે મન વિષય-કષાયાદિમાં પ્રવર્તે છે તે ચંચળ રહે છે. મનની ચંચળતાના કારણે માનસિક દુઃખ હોય છે. હવે જો આ મનની ચંચળતા અને તેથી થતા માનસિક દુઃખને મટાડવું હોય તો પોતાનું અજ્ઞાન દૂર કરી મનને વિષય-કષાયથી ખસેડીને પોતાના શુદ્ધાત્માના ચિંતવન-ધ્યાનમાં લગાડો. તેથી મનની ચંચળતા અને તેથી થતું માનસિક દુઃખ મટી શુદ્ધાત્માનો અનુભવ અને તેથી થતું આત્મિક સુખ ઉત્પન્ન થશે. (સમયસાર નાટક : અધ્યાય ૮ : બંધદ્વાર : દોહરો ૫૨, ૫૩)

### ટિપ્પણ

૧. **સાર** સત્ત્વ કસ, તાત્પર્ય, સારું, ઉત્તમ. • ૨. **મૂર્ખ શિરોમણિ** મૂર્ખમાં પ્રધાન, મહામૂર્ખ. • ૩. **પરિતાપ** તાપ, સંતાપ. • ૪. **પરાકાષ્ઠા** છેવટની હદ, ચરમસીમા. • ૫. **તેજોદ્વેષ** બીજાના તેજ કે પ્રભાવ પ્રત્યે દ્વેષ. • ૬. **વિભંગજ્ઞાન** અજ્ઞાનીના અવધિજ્ઞાનને વિભંગજ્ઞાન કહે છે. • ૭. **અનુચિત** ઉચિત કે યોગ્ય ન હોય તેવું.

### સંદર્ભ સાહિત્ય

**પ્રાસ્તાવિક** ૧. ધાનતવિલાસ : ૭૦મું પદ.

**વ્યંતર દેવ કોને કહે છે ? :** ૧. સર્વાર્થસિદ્ધિ : ૪/૧/૨૩૬/૫; ૪/૧૧/૨૪૩/૧૦; • ૨. તત્વાર્થરાજવાર્તિક : ૪/૧૧/૧/૨૧૭/૧૫; • ૩. તત્વાર્થસૂત્ર : ૪/૧૧; • ૪. તિલોયપણ્ણતિ : ૬/૨૫; • ૫. ત્રિલોકસાર : ગાથા ૨૫૧; • ૬. જૈ. સિ. કોશ : ભાગ ૩ : વ્યંતર ૧/૧, ૨ પાનુ ૬૧૦; ભાગ ૨ : દેવ : પાનુ ૪૭૫.

**વ્યંતર દેવનું સ્વરૂપ** ૧. તિલોયપણ્ણતિ : ૬/૮૩ થી ૯૬; • ૨. ત્રિલોકસાર : ગાથા ૨૫૧, ૨૫૨, ૨૯૦ થી ૩૦૧; • ૩. ત્રિલોક ભાસ્કર : પાનુ ૧૦૧ થી ૧૧૩, ૨૩૧; • ૪. મૂલાચાર : ગાથા ૧૧૧૬, ૧૧૧૭; • ૫. ધવલ : ૭/૨, ૬, ૧૭ ગાથા ૧/૩૧૯. • ૬. તત્વાર્થસૂત્ર : ૪/૭; • ૭. જૈ. સિ. કોશ : ભાગ ૧ : આયુ : ૭/૬, પાનુ ૨૬૪, અવગાહના : ૪/૨, પાનુ ૧૮૦

**વ્યંતર દેવના માનસિક દુઃખ** ૧. ભાવપાહુડ : ગાથા ૧૨ • ૨. વરાંગચરિત : સર્ગ ૯, ગાથા ૫૨, ૫૩, ૫૪; • ૩. સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા : ગાથા ૫૮ થી ૬૨; ૩૧૯ની ૩૨૧ • ૪. ભગવતી આરાધના : ગાથા ૧૬૦૭ થી ૧૬૧૦; • ૫. વસુનંદી શ્રાવકાચાર : ગાથા ૧૯૨, ૧૯૩, ૧૯૪; • ૬. તિલોયપણ્ણતિ : ૬/૮૭, ૮/૫૫૨.

**માનસિક દુઃખ મટાડવાનો ઉપાય** ૧. પ્રવચનસાર : ગાથા ૨૩૨ અને તેની ટીકા; • ૨. જ્ઞાનાર્ણવ : ૪/૩૮; ૪૦/૭; ૪૧/૭; • ૩. તત્વાનુશાસન : ગાથા ૭૬ થી ૮૧; • ૪. સમયસારનાટક : અ. ૮ : બંધદ્વાર : દોહરો ૫૦ થી ૫૫.

**ઉપસંહાર** ૧. સમયસારનાટક : અધ્યાય ૮ : બંધદ્વાર : દોહરો ૫૨, ૫૩.

## હેતુલક્ષી પ્રશ્નો

**યોગ્ય વિકલ્પ પસંદ કરી બાજુનાં ☐ચોરસમાં દર્શાવો.**

**૧. પારમાર્થિકપણે મહામૂર્ખ કોણ છે ?** ૧.☐
A. સંસારમાં કાંઇક સાર જાણનાર
B. આકાશમાં પુષ્પ શોધનાર
C. પાણી વલોવી ઘી મેળવવા મથનાર
D. સર્પના મુખમાં અમૃત માનનાર

**૨. વ્યંતર દેવનું 'વ્યંતર' નામ કઇ રીતે સાર્થક છે ?** ૨.☐
A. તેમની દેવીઓ ચારે બાજુ રહેતી હોવાથી
B. તેઓ ચારેબાજુ ભટકતા રહેતાં હોવાથી
C. તેઓ ચારેબાજુ વિક્રિયા કરતા રહેતાં હોવાથી
D. તેઓ સંસારની ચારેય ગતિઓમાં રખડતાં હોવાથી

**૩. નીચે પૈકી ક્યા દેવ એ વ્યંતર હોઈ શકે નહિં ?** ૩.☐
A. વાણવ્યંતર દેવ B. ગંધર્વદેવ
C. કલ્પાતીત દેવ D. કલ્પવાસી દેવ

**૪. નીચે પૈકી કોનો વ્યંતર દેવના નિવાસસ્થાનમાં સમાવેશ નથી ?** ૪.☐
A. ભવન B. ભવનપુર C. ભવનકુંજ D. આવાસ

**૫. વ્યંતર દેવો સામાન્યપણે કેવા રંગના હોય છે ?** ૫.☐
A. ઘઉંવર્ણા B. પીળા C. ગોરા D. કાળા

**૬. વ્યંતર દેવ વિક્રિયાથી વધુમાં વધુ પોતાના કેટલા રૂપ બનાવી શકે ?** ૬.☐
A. સાત B. એકસો ને સાત
C. એકસો ને આઠ D. એકસો

**૭. વ્યંતર દેવની ઉત્કૃષ્ટ શક્તિ કેટલી ?** ૭.☐
A. છ ખંડને ઊંચકવાની
B. છ ખંડને ડગાવવાની
C. છ ખંડને ઊંધા વાળવાની
D. છ ખંડને ઉખાડીને ફેંકવાની

**૮. વ્યંતર દેવમાંથી બહાર નીકળેલો જીવ શેમાં અવતરતો નથી ?** ૮.☐
A. મનુષ્ય B. પશુ C. વિકલેન્દ્રિય D. સ્થાવર

**૯. ક્યો જીવ વ્યંતર દેવમાં ઉપજતો નથી ?** ૯.☐
A. મિથ્યાદૃષ્ટિ B. સમ્યગ્દૃષ્ટિ
C. દ્રવ્યલિંગી મુનિ D. પશુ

**૧૦. માનસિક દુ:ખનું મૂળ કારણ શું ?** ૧૦.☐
A. મિથ્યાત્વ B. મનનું ચંચળપણું
C. પાપનો ઉદય D. પુણ્યનો ઉદય

**૧૧. વ્યંતર દેવને દેવાંગનાના વિયોગનું કારણ શું ?** ૧૧.☐
A. દેવાંગનાનું આયુષ્ય ઓછું હોવાથી
B. દેવાંગના સાથે છૂટાછેડા થઈ જવાથી
C. દેવાંગના રિસાઇને પીયર જતી રહેતી હોવાથી
D. દેવાંગના બેવફા નીવડવાથી

**૧૨. વ્યંતરેન્દ્રની અપ્સરા કેવી હોય છે ?** ૧૨.☐
A. લટકમટક ચાલવાળી
B. આકર્ષક છટાવાળી
C. નટખટ હાવભાવવાળી
D. ફેશનેબલ વેશભૂષાવાળી

**૧૩. વ્યંતર દેવને બીજા ક્યા દેવ પ્રત્યે ઈર્ષ્યા થઇ શકે છે ?** ૧૩.☐
A. ઊંચી કક્ષાના દેવ પ્રત્યે
B. સમાન કક્ષાના દેવ પ્રત્યે
C. કોઈપણ દેવ પ્રત્યે
D. નીચી કક્ષાના દેવ પ્રત્યે

**૧૪. વ્યંતર દેવની વૈરભાવનાના કારણે ખરેખર કોનું બૂરું થાય છે ?** ૧૪.☐
A. વ્યંતર દેવના પૂર્વના વૈરી મનુષ્યનું
B. વ્યંતર દેવના પૂર્વના વૈરી પશુનું
C. વ્યંતર દેવનું પોતાનું
D. વ્યંતર દેવ જેના શરીરમાં પ્રવેશે તેનું

**૧૫. વ્યંતર દેવ કેવા મનુષ્યના શરીરમાં પ્રવેશ પામી તેને પરેશાન કરે છે ?** ૧૫.☐
A. વ્યંતર દેવના ભક્ત હોય તેવા
B. વ્યંતર દેવના ભક્ત ન હોય તેવા
C. વ્યંતર દેવના વૈરી હોય તેવા
D. નબળા મનના હોય તેવા

**૧૬. વ્યંતર દેવ દ્વારા થતી હેરાનગતિનું મૂળ કારણ શું ?** ૧૬.☐
A. મનની નબળાઇ B. વ્યંતર દેવ સાથેનું વૈર
C. પાપકર્મનો ઉદય D. અજ્ઞાન

**૧૭. ભૂતાવિષ્ટ પુરુષના દૃષ્ટાંતમાં ભાવ્ય-ભાવક સંકર દોષ ક્યા પ્રકારે છે ?** ૧૭.☐
A. ભૂત એ ભાવક અને તેની અનુચિત ચેષ્ટા તેનું ભાવ્ય
B. ભૂત એ ભાવક અને મનુષ્યની અનુચિત ચેષ્ટા તેનું ભાવ્ય
C. અજ્ઞાની મનુષ્ય ભાવક અને ભૂતપ્રેરિત ચેષ્ટા તેનું ભાવ્ય
D. અજ્ઞાની મનુષ્ય ભાવક અને ભૂતપ્રેરિત ચેષ્ટાનું જ્ઞાન તેનું ભાવ્ય

**૧૮. જીવના સવિકાર પરિણામ દર્શાવતા સિદ્ધાંતમાં ભાવ્ય-ભાવક સંકર દોષ ક્યા પ્રકારે છે?** ૧૮.☐
A. પૌદ્‌ગલિક કર્મ એ ભાવક અને તેના ઉદયનો રાગાદિભાવ એ તેનું ભાવ્ય
B. પૌદ્‌ગલિક કર્મ એ ભાવક અને તેના ઉદયના રાગાદિભાવનું જ્ઞાન એ તેનું ભાવ્ય
C. સંસારી જીવ એ ભાવક અને પૌદ્‌ગલિક કર્મના ઉદયનો સ્વાદ એ તેનું ભાવ્ય
D. સંસારી જીવ એ ભાવક અને પૌદ્‌ગલિક કર્મના ઉદયના સ્વાદનું જ્ઞાન એ તેનું ભાવ્ય

**૧૯. વ્યંતર દેવના ઉપદ્રવને શાંત કરવા માટે શો ઉપાય કરવો જોઇએ ?** **૧૯. ☐**

A. વ્યંતર દેવની પૂજા અને તેની ભક્તિ

B. સાચી સમજણ અને જિનેન્દ્ર ભગવાનની ભક્તિ

C. પિતૃતર્પણ અને શ્રાદ્ધની વિધિ

D. મનોચિકિત્સકની સલાહ અને સારવાર

**૨૦. માનસિક દુઃખ મટાડવા માટે શું કરવું જોઇએ ?** **૨૦. ☐**

A. મનને શુદ્ધાત્મા સ્વરૂપના ચિંતવન અને ધ્યાનમાં લગાડવું

B. મનના સઘળાં મનોરથ પૂરા કરવા

C. મનને ઉત્તમ મનોરંજન પૂરું પાડવું

D. મનને કોઇ ને કોઇ પ્રવૃત્તિમાં રોકી રાખી નવરું ન પાડવું

## સૈદ્ધાંતિક પ્રશ્નો

### નીચેના પ્રશ્નોના એક કે બે વાકયોમાં ટૂંકા જવાબ આપો.

૧. આ સંસારમાં કેમ કોઇ સાર નથી ?

૨. સંસારમાં દુઃખ માનવાની ભ્રાંતિથી અજ્ઞાની જીવની શું દશા થાય છે ?

૩. વ્યંતર દેવમાં 'વ્યંતર' શબ્દ શું સૂચવે છે ?

૪. વ્યંતર દેવમાં ક્યા પ્રકારના દુઃખની મુખ્યતા છે ?

૫. વ્યંતર દેવ ક્યા પ્રકારના દેવથી ઊંચી કક્ષાના છે ?

૬. વ્યંતર દેવ ક્યા પ્રકારના દેવથી નીચી કક્ષાના છે ?

૭. વ્યંતર દેવના ક્યા પ્રકારના નિવાસસ્થાનાને 'ભવન' કહે છે?

૮. વ્યંતર દેવ ક્યા પ્રકારના નિવાસસ્થાનને 'ભવનપુર' કહે છે?

૯. વ્યંતર દેવ ક્યા પ્રકારના નિવાસસ્થાનને 'આવાસ' કહે છે?

૧૦. વ્યંતર દેવના મૂળ શરીરની ઊંચાઇ કેટલી હોય છે ?

૧૧. વ્યંતર દેવ દેખાવમાં કેવા હોય છે ?

૧૨. શારીરિક દુઃખ અને માનસિક દુઃખમાં ક્યું દુઃખ મોટું છે ?

૧૩. માનસિક દુઃખ ક્યા કારણે હોય છે ?

૧૪. માનસિક દુઃખ તીવ્ર કેમ બને છે ?

૧૫. દેવ અને દેવાંગનામાં કોનું આયુષ્ય ઓછું હોય છે ? કેટલું?

૧૬. વ્યંતર દેવોનું આવાગમન ક્યાં હોય છે ?

૧૭. વ્યંતર દેવને મનુષ્ય શા માટે જોઇ શકતો નથી ?

૧૮. વ્યંતર દેવ મનુષ્યને કઇ રીતે જોઇ પોતાનો વૈરી છે તેમ જાણી શકે છે ?

૧૯. વ્યંતર દેવ દ્વારા થતી હેરાનગતિનું અંતરંગ નિમિત્ત કારણ જણાવો.

૨૦. વ્યંતર દેવ દ્વારા થતી હેરાનગતિનું ઉપાદાન કારણ જણાવો.

૨૧. પિતૃના નામે પિતૃતર્પણની વિધિ કરાવવાનું કહેનાર ખરેખર કોણ હોય છે ?

૨૨. વ્યંતર દેવની પૂજા કે ભક્તિ કરવાથી શો નુકસાન છે ?

૨૩. જીવનું અજ્ઞાન કોને કહે છે ?

### નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.

૧. પોતાનું સુખ ક્યાં છે અને કઇ રીતે પ્રગટે છે ?

૨. વ્યંતર દેવ કોને કહે છે ?

૩. વ્યંતર દેવના આઠ પ્રકારના નામ આપો.

૪. વ્યંતર દેવના પેટા પ્રકારની સંખ્યા જણાવો.

૫. વ્યંતર દેવના કામગીરી અપેક્ષાએ કેટલા પ્રકાર છે ? ક્યા ક્યા ?

૬. વ્યંતર દેવની આહાર પર્યાપ્તિનું સ્વરૂપ જણાવો.

૭. વ્યંતર દેવની શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિનું સ્વરૂપ જણાવો.

૮. વ્યંતર દેવના જન્મના પ્રકારની માહિતી આપો.

૯. વ્યંતર દેવના અવસ્થાનની માહિતી આપો.

૧૦. જુદા જુદા પ્રકારના વ્યંતર દેવના શરીરનો રંગ કેવો હોય છે ?

૧૧. વ્યંતર દેવનું ઓછામાં ઓછું અને વધુમાં વધુ આયુષ્ય કેટલું ?

૧૨. વ્યંતર દેવના અવધિજ્ઞાન વિષે જણાવો.

૧૩. વ્યંતર દેવની વિક્રિયા ઋદ્ધિની માહિતી આપો.

૧૪. વ્યંતર દેવના સામર્થ્ય વિષેની માહિતી આપો.

૧૫. વ્યંતર દેવના કાય પ્રવીચાર વિષે જણાવો.

૧૬. વ્યંતર દેવમાં કોણ ઉપજે છે ?

૧૭. વ્યંતર દેવમાંથી બહાર નીકળેલો જીવ સામાન્યપણે ક્યાં ઉપજે છે ?

૧૮. વ્યંતર દેવમાં ઉપજવાના કારણો જણાવો.

૧૯. વ્યંતર દેવમાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કોને થાય છે ? ક્યા નિમિત્તથી થાય છે ?

૨૦. માનસિક દુઃખ કોને કહે છે ?

૨૧. વ્યંતર દેવને લાગુ પડતા મુખ્યત્વે માનસિક દુઃખ ક્યા છે?

૨૨. ઇષ્ટ વિયોગના કારણે થતું માનસિક દુઃખ કોને કહે છે ?

૨૩. વ્યંતરેન્દ્રની અપ્સરાનું વર્ણન કરો.

૨૪. દેવ અને દેવાંગનાના આયુષ્યની માહિતી આપો.

૨૫. વ્યંતર દેવને ઇષ્ટ વિયોગના કારણે થતું માનસિક દુઃખ વર્ણવો.

૨૬. ઇર્ષ્યાના કારણે થતું માનસિક દુઃખ કોને કહે છે ?

૨૭. વ્યંતર દેવ પોતાથી ઊંચી કક્ષાના દેવ પ્રત્યે કેવી લાગણીના કારણે માનસિક દુઃખ પામે છે ?

૨૮. વ્યંતર દેવ પોતાથી સમાન કે નીચી કક્ષાના દેવ પ્રત્યે કેવી લાગણીના કારણે માનસિક દુઃખ પામે છે ?

૨૯. વ્યંતર દેવમાં ઇર્ષ્યાના કારણે થતું માનસિક દુઃખ વર્ણવો.

૩૦. વૈરભાવનાના કારણે થતું માનસિક દુઃખ કોને કહે છે ?

૩૧. પોતાની વૈરભાવના પોષવા માટે વ્યંતર દેવ શું કરે છે ?

૩૨. વૈરભાવના કારણ બીજાનું બૂરું ઇચ્છતા વ્યંતર દેવ કોનું બૂરું કરે છે ? કઇ રીતે ?

૩૩. વ્યંતર દેવમાં વૈર ભાવનાના કારણે થતું માનસિક દુઃખ વર્ણવો.

૩૪. વ્યંતર દેવ પોતાના વૈરી મનુષ્યના શરીરમાં કઇ રીતે પ્રવેશે છે ?

૩૫. વ્યંતર દેવ પોતાના વૈરીને કઇ રીતે હેરાન કરે છે ?

૩૬. ભૂતાવિષ્ટ પુરુષનું દૃષ્ટાંત અને તેના આધારે આત્માના સવિકાર પરિણામ કઇ રીતે થાય છે તે સિદ્ધાંત દર્શાવતી સમજૂતી આપો.

૩૭. પોતાની વૈરભાવના પોષવાથી પણ વ્યંતર દેવનું માનસિક દુઃખ ટળતું નથી તે કઇ રીતે ?

૩૮. પિતૃતર્પણની કે શ્રાદ્ધની વિધિ કરાવવી તે એક મોટી અંધશ્રદ્ધા છે. કઇ રીતે ?

૩૯. વ્યંતર દેવની પૂજા કે ભક્તિ કરવા છતાં તેનો ઉપદ્રવ કેમ શાંત થતો નથી ?

૪૦. વ્યંતર દેવનો ઉપદ્રવ શાંત કરવા શું કરવું જોઇએ ?

૪૧. માનસિક દુઃખ મટાડવાનો ઉપાય સમજાવવો.

૪૨. માનસિક દુઃખ વિષે પંડિત બનારસદાસજી શું કહે છે ?

### વિદ્યાર્થીઓની જૂથ પ્રવૃત્તિ

૧. માનસિક દુઃખનું સ્વરૂપ દર્શાવતો પ્રોજેક્ટ તૈયાર કરો.

૨. વ્યંતર દેવ દ્વારા વૈરી મનુષ્યને કરાતો ઉપદ્રવ અને તે ઉપદ્રવ શાંત કરવા માટે કરાતા ખોટા ઉપાય અને સાચો ઉપાય દર્શાવતું નાટક ભજવો અને તેનો બોધપાઠ તારવો.

### શિક્ષકની વિશેષ પ્રવૃત્તિ

૧. પુણ્યશાળી અને લૌકિકમાં સુખી મનાતા માણસો પણ માનસિક દુઃખથી સંતપ્ત હોય છે તે બાબત સમજાવવી.

૨. વૈરભાવના અને તેનું પોષણ દુઃખનું કારણ છે તે બાબત વિશદતાથી સમજાવવી.

૩. વર્તમાનપત્રમાં કોઇ વખત આવતી ભૂત-પ્રેતની વાતો શું હોય છે તેની સમજૂતી આપવી.

૪. પિતૃતર્પણ જેવી અંધશ્રદ્ધા કઇ રીતે નુકસાનકારક તે બાબત સમજાવવી.

૫. પંડિત બનારસીદાસ અને તેની રચનાઓ વિષે માહિતી આપવી.

૬. જાદૂટોણાં પ્રયોગોમાં કોઇ બાળકને સ્ટેજ ઉપર બોલાવી સંમોહિત કરવામાં આવે છે તેના આધારે ભૂતના મનુષ્ય પ્રવેશને સરખાવો.